ગાંધીનગર સમાચાર

# સ્વચ્છ ગંગા પ્રોજેક્ટ માટે એક લાખ કરોડ ખર્ચ થશે

## ગંગા મામલે એક વ્યાપક યોજનાની હવે જરૂર છે : ખાસ યોજનામાં ગંગાના ઘાટની સફાઇ, સિટી મેનેજમેન્ટ, ટ્યુરિઝમ સહિતની અનેક બાબતનો સમાવેશ :અહેવાલ



નવી દિલ્હી, તા.૨૭

ગંગા નદીને સ્વચ્છ કરવાના પ્રોજેક્ટ ઉપર હવે વધારે ભાર મુકવામાં આવી રહ્યો છે. કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર સત્તામાં આવ્યા બાદથી આને લઈને હિલચાલ વધુ તીવ્ર બની છે. તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, આગામી મહિને બેઠકોનો દોર હાથ ધરવામાં આવનાર છે. એમ માનવામાં આવે છે કે, ગંગા નદીને સ્વચ્છ કરવા ઉપર અંદાજે એક લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થઇ શકે છે. આ રકમ એવા સમયે વધુ મોટી બની જાય છે ત્યારે વર્ષ ૧૯૮૫થી ૨૦૦૯ સુધી ગંગા નદીની સફાઈ માટે બનાવવામાં આવેલા ગંગા એક્શન પ્લાન ઉપર માત્ર ૧૮૨૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. વર્ષ ૧૯૯૮-૯૯ દરમિયાન કેન્દ્રિય પર્યાવરણ પ્રધાન રહી ચુકેલા સુરેશ પ્રભુએ ગંગા એક્શન પ્લાન-૨ લાગૂ કર્યો હતો. તેમનું કહેવું છે કે, આ યોજનાનું નામ બિલકુલ યોગ્ય હતું. આ યોજનામાં અનેક ખામીઓ હતી. હવે એક વ્યાપક યોજનાની જરૂર છે. આ વ્યાપક યોજનામાં ગંગાના ઘાટની સફાઈ, સીટી મેનેજમેન્ટ, ટ્યુરિઝમ, અલ્હાબાદથી લઈને પશ્ચિમ બંગાળમાં હલ્દીયા સુધી એક નેવીગેશન ચેનલ બનાવવાની બાબત સામેલ છે. આના માટે જોરદાર સંસાધનો અને દૂરદર્શિતાની જરૂર રહેશે. કેન્દ્રિય જળસંસ્થાન પ્રધાન ઉમા ભારતીનું કહેવું છે કે, ગંગાની સફાઈને લઈને ફંડ જારી રહેશે. આ વખતે ગંગા એક્શન પ્લાનને તેમના મંત્રાલય દ્વારા લાગૂ કરવામાં આવનાર છે. જ્યારે અગાઉની સરકારમાં આને પર્યાવરણ અને વન્ય વિભાગને સોંપવામાં આવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે આને સમર્થન આપી રહ્યા છે. મોદીના સંસદીય મતવિસ્તાર વારાણસી ગંગાના કિનારે છે. શપથના ત્રણ દિવસ બાદ જ મોદીએ વારાણસીનું પ્રતિનિધિત્વ કરવાની વાત કરી હતી અને અલ્હાબાદના જુદા જુદા ઘાટ ઉપર સાફ સફાઈની વાત કરી હતી.

# ૩૦૦થી વધુ ત્રાસવાદી ઘુસણખોરી કરવા તૈયાર

## અહેવાલ બાદ જમ્મુ આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર રેડ એલર્ટ જાહેર : ઓક્ટોબર-નવેમ્બરથી પહેલા ત્રાસવાદીઓને ઘુસાડવાના હેતુસર પાકિસ્તાની સેના દ્વારા યુદ્ધવિરામનો વારંવાર ભંગ : સરહદ પાર આતંકવાદીઓનો ખડકલો :અહેવાલ

જમ્મુ,તા. ૨૭

જમ્મુ કાશ્મીર અને દેશના અન્ય ભાગોમાં આતંક મચાવવા માટે ત્રાસવાદીઓ કમર કસી ચુક્યા હોવાના અહેવાલ મળ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આશરે ૩૦૦ ખતરનાક ત્રાસવાદીઓ સરહદ પારથી ભારતમાં ઘુસણખોરી કરવા માટે તૈયાર થયેલા છે. આ તમામ ત્રાસવાદીઓ વિવિધ હથિયારોની તાલીમ લઈ ચુક્યા છે. આ ત્રાસવાદીઓને ભારતમાં ઘુસાડવા માટે જ પાકિસ્તાની સેના દ્વારા વારંવાર યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવી રહ્યો છે. માત્ર જુલાઈ મહિનામાં જ પાકિસ્તાને યુદ્ધવિરામનો આઠ વખત ભંગ કર્યો છે. ભારતીય ગુપ્તચર સંસ્થાઓનું કહેવું છે કે, જમ્મુના પુંચ, રાજૌરી, સામ્બા અને કઠુઆ

સેક્ટરમાં આશરે ૩૦૦ ત્રાસવાદીઓ ટ્રેનિંગ કેમ્પ અને લોન્ચિંગ એડ ઉપર ભારત તરફ ઘુસણખોરી કરવાની તૈયારીમાં છે. આ ઉપરાંત અનેક આતંકવાદી હથિયાર વગર સરહદ નજીક ફરતા નજરે પડ્યા છે. સેનાનું માનવું છે કે, સરહદ પાર ત્રાસવાદીઓનો સકંજો વધી ગયો છે. ઓક્ટોબર નવેમ્બરથી પહેલા વધુને વધુ ત્રાસવાદીઓને ભારતમાં મોકલવામાં આવી શકે છે. જેથી જમ્મુ કાશ્મીરમાં થનાર ચૂંટણીમાં અડચણો ઉભી થઈ શકે છે. ગુપ્તચર અહેવાલ બાદ જમ્મુ સાથે જોડાયેલી ૨૦૦ કિલોમીટર લાંબી આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર રેડએલર્ટની જાહેરાત કરવામાં આવી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, એકલા જમ્મુમાંથી ભારતમાં ઘુસણખોરી કરીને આતંકવાદીઓને ભારતમાં મોકલવાના ૫૦ જેટલા રૂટ છે. નવા રસ્તાઓથી પણ ત્રાસવાદીઓને મોકલવામાં આવી શકે છે. એપ્રિલ અને મે મહિના દરમિયાન વાસ્તવિક અંકુશ રેખા પર યુદ્ધવિરામના ભંગના ૨૩ બનાવ બન્યા હતા. પાકિસ્તાની સૈનિકો ત્રાસવાદીઓને પરોક્ષરીતે મદદ કરી રહ્યા છે. ભારતીય સેનાના લેફ્ટી. જનરલ કેએચસિંહે કહ્યું હતું કે ૨૦૦ ત્રાસવાદીઓ ઘુસણખોરી કરવા માટે તૈયાર છે. હાલમાં જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદીઓની ગતિવિધી વધી છે જે સંકેત આપે છે કે સરહદ સેનાના જવાનો સાવદાન હોવા છતાં કેટલાક ત્રાસવાદીઓ દેશમાં ઘુસી ચુક્યા છે. છેલ્લા કેટલાક દિવસથી તેમની ગતિવિધી વધી રહી છે. પોલીસ અને સેનાને ફરી એકવાર તીવ્ર પેટ્રોલિંગ અને સરહદ પર બાજ નજર રાખવાની જરૂર છે. ત્રાસવાદીઓની રાજ્યમાં હાજરી ખતરનાક સાબિત થઈ શકે . ત્રાસવાદી મોટા હુમલાને અંજામ આપી શકે છે. છેલ્લા ૨૪ કલાકના ગાળામાં ત્રાસવાદીઓએ બીજો મોટો હુમલો કર્યો છે. જે ખતરનાક સંકેત આપે છે.ગઈકાલે ત્રાસવાદીઓએ દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં ગોળીબાર કર્યો હતો જેમાં એક પોલીસ જવાનનુ મોત થયું હતુ.ત્યારબાદ બારામુલ્લામાં હુમલો કર્યો હતો. સેના જવાબી કાર્યવાહી કરી રહી છે.

# સરહદ પર આઈઈડી બ્લાસ્ટ કરવા ત્રાસવાદીને સૂચના

## લશ્કરે તોઈબાને મુખ્ય જવાબદારી સોંપાઈ છે : અહેવાલ

જમ્મુ, તા. ૨૭

પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈએ સરહદ ઉપર ગોરિલા વોર માટેનું કાવતરુ તૈયાર કર્યું છે. આ કાવતરા હેઠળ મોટી સંખ્યામાં આતંકવાદીઓને ઘુસાડવામાં આવનાર છે. ઓપરેશન બેટ નામથી આ કાવતરુ આગળ વધનાર છે. પાકિસ્તાની સેનાની મદદ પણ આમા મળી રહી છે. આઈએસઆઈએ એલઓસી અને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર સુરક્ષા દળોની હળવી સરહદી ચોકીને ટાર્ગેટ બનાવવાની તૈયારી કરી છે. ઓપરેશન બેટની જવાબદારી લશ્કરે તોઈબા અને પાકિસ્તાનના એસએસજીને સોંપવામાં આવી છે. લશ્કરે તોઈબાના કમાન્ડર અબુ ગાઝીને જમ્મુ સરહદની જવાબદારી સોંપવામાં આવી હોવાના અહેવાલ મળ્યા છે. સેના માને છે કે, છેલ્લા બે મહિનામાં જે હુમલા થયા છે તેમાં ત્રાસવાદીઓની સંડોવણી હતી. ઓપરેશન બેટ હેઠળ આતંકવાદી સંગઠન તોઈબા અને પાકિસ્તાનના કમાન્ડો ભારતીય ચોકી ઉપર હુમલા કરી શકે છે. વધુને વધુ નુકસાન કરવા માટે કહેવામાં આવ્યું છે. આતંકવાદીઓને સરહદ ઉપર આઈઈડી બ્લાસ્ટ કરવા માટે કહેવામાં આવ્યું છે. અલબત ભારતીય ગુપ્તચર સંસ્થાઓ આ સંદર્ભમાં વધારે વાત કરી રહી નથી. ભારતીય ગુપ્તચર સંસ્થાઓના જણાવ્યા મુજબ આ પ્રકારના હુમલા કરીને પાકિસ્તાનની યોજના બરફ ઓગળે તે પહેલા વધુને વધુ ત્રાસવાદીઓને ભારતમાં મોકલવાની છે. ભારતમાં ત્રાસવાદીઓને મોકલવાના ૫૦થી પણ વધુ રુટ પહેલાથી જ ઓળખી કાઢવામાં આવ્યા છે.

# સહારનપુર કોમી હિંસા મામલે સતત બીજા દિવસે સંચારબંધી

## દેખો ત્યાંથી ઠારના આદેશ પણ યથાવત અમલી : પોલીસ ઓપરેસન વચ્ચે ૨૦થી વધુની ધરપકડ : સ્થિતીને હળવી કરવાના તમામ પ્રયાસો : સઘન સલામતી વ્યવસ્થા



લખનૌ, તા.૨૭

ઉત્તરપ્રદેશના સહારનપુર જિલ્લામાં ભૂમિ વિવાદને લઈને કોમવાદી હિંસા ભડકી ઉઠ્યા ાબાદ આજે સતત બીજા દિવસે પણ વિસ્ફોટક સ્થિતી રહી હતી. જેથી અચોક્કસ મુદ્દત માટે સંચારબંધી યથાવત રીતે જ જારી રાખવામાં આવી છે. આ ઉપરાંત તોફાની તત્વો સામે દેખો ત્યાંથી ઠાર કરોના આદેશ પણ જારી રાખવામાં આવ્યા છે. સહારનપુરમાં સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. જિલ્લા અધિકારી સંધ્યા તિવારીએ કહ્યુ છે કે સ્થિતી ગઈકાલ કરતા હવે સારી છે. બીજી બાજુ મોતનો આંકડો વધીને ત્રણ થઈ ગયો છે. કોમી હિંસામાં ઘાયલ થયેલા કેટલાક લોકો હજુ સારવાર હેઠળ છે.અત્રે ઉલ્લેખનીય છે કે મુરાદાબાદ સહારનપુરમાં ગઈકાલે કોમી હિંસામાં બે લોકોના મોત થતાં સંચારબંધી લાદી દેવામાં આવી હતી. સુરક્ષા વ્યવસ્થા પણ મજબૂત કરી દેવામાં આવી હતી. બે સમુદાય વચ્ચે જમીન વિવાદને લઈને લડાઈની શરૂઆત થઈ હતી. હિંસાંમાં પાંચ પોલીસ જવાન સહિત ૩૦ અન્ય લોકો કોમી

હિંસામાં ઘાયલ થયા હતા. સહારનપુરના કુતુબશેર વિસ્તારમાં કોમી હિંસા ભડકી ઉઠી હતી. સહારનપુરના કમિશનર તન્વીર ઝફરઅલીએ કહ્યું છે કે, અથડામણ દરમિયાન પોલીસને ગોળીબારમાં ઈજા થઈ હતી. ઘાયલ થયેલા પોલીસ જવાનોને પીજીઆઈ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. શહેરી વિસ્તારોમાં સંચારબંધી લાગૂ કરીને હિંસા ઉપર ઉતરેલા લોકોને દેખો ત્યાંથી ઠાર કરોના આદેશ પણ જારી કરવામાં આવ્યા હતા. જિલ્લાના કુતુબશેર પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં અંબાલા રોડ ઉપર જમીનને લઈને બે સમુદાય વચ્ચે ઘણા સમયથી સંઘર્ષની સ્થિતિ હતી. બોલાચાલી બાદ ટૂંક સમયમાં જ જોરદાર પથ્થરમારો, આગના બનાવ અને ગોળીબાર થયા હતા. અનેક ગાડી અને દુકાનોને તોફાની ટોળાએ આગ ચાંપી દીધી હતી. ફાયર બ્રિગેડની ઓફિસને પણ સળગાવી દેવામાં આવી હતી. સ્કૂલોમાં રજાની પણ જાહેરાત કરવામાં આવી ચુકી છે. બીજી બાજુ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે ટોચના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.અને હિંસાને ડામવા કઠોર પગલા લેવાની સૂચના આપી હતી. સ્થિતીને ધ્યાનમાં લઈને જિલ્લા વહીવટીતંત્રએ સહારનપુરમાં સીઆરપીસીની કલમ ૧૪૪ લાગૂ કરી હતી જે આજે પણ સતત બીજા દિવસે અમલી રહી હતી.

# હવે આઈઆઈટીથી બીટેક સાડા ત્રણ વર્ષમાં થઈ શકશે

## નવી વ્યવસ્થા ૨૦૧૬થી અમલી બની શકે : દેશની અગ્રણી સંસ્થાઓ હાલમાં ચાર વર્ષના બદલે ક્રેડિટ સ્કોર્સ સિસ્ટમ ૨૦૧૬-૧૭ સુધી અપનાવી લેશે : રિપોર્ટ

ખડકપુર, તા.૨૭

આઈઆઈટીના વિદ્યાર્થીઓ બીટેકની ડિગ્રી સાડા ત્રણ વર્ષમાં હાંસલ કરી શકાશે. નવા ક્રેડિટ સ્કોર્સ સિસ્ટમ મારફતે આ બાબત શક્ય થઈ શકશે. આ સિસ્ટમ ૨૦૧૬થી લાગૂ થાય તેવી શક્યતા છે. દેશની અગ્રણી ટેકનિકલ સંસ્થા ૨૦૧૬-૧૭ના શૈક્ષણિક સત્રથી હાલના ચાર વર્ષના કોર્સના બદલે ક્રેડિટ સ્કોર્સ સિસ્ટમને અમલી બનાવી લેશે. આ બાબતની જાહેરાત આઈઆઈટી ખડકપુરના નિદેશક પાર્થ પ્રતિમ ચક્રવર્તી દ્વારા કરવામાં આવી છે. અમેરિકી વ્યવસ્થાની દિશામાં આગળ વધીને તમામ આઈઆઈટી હવે પોતાના વિદ્યાર્થીઓને બીટેકના અભ્યાસ માટે ફ્લેક્સિબલ સમય મર્યાદા આપશે. નવી સિસ્ટમ હેઠળ વિદ્યાર્થીઓને કેટલાક નક્કી કરવામાં આવેલા ક્રેડિટ સ્કોર્સ હાંસલ કરવા પડશે. ક્લાસ લેક્ચર, લેબ, વર્કશોપ અને ફિલ્ડવર્ક સામેલ રહેશે. આ નવી વ્યવસ્થા હેઠળ વિદ્યાર્થીઓને એવી સુવિધા પણ અપાશે કે ક્રેડિટ સ્કોર્સને પૂર્ણ કરવા માટે વિદ્યાર્થી પોતાના હિસાબથી સમય લઈ શકશે. આને પૂર્ણ કરવા માટે વિદ્યાર્થીઓ પાસે મહત્તમ આઠ વર્ષનો સમય રહેશે. આનાથી એવા વિદ્યાર્થીઓ ઉપર દબાણ ઘટશે જે અભ્યાસમાં પોતાના સાથીઓ કરતા પાછળ રહી ગયા છે. બીજી બાજુ વિદ્યાર્થી વહેલી તકે આ ક્રેડિટ સ્કોર્સ હાંસલ કરવાના પ્રયાસ કરશે. કોર્સની આ વ્યવસ્થાને તબક્કાવારરીતે અમલી બનાવવામાં આવશે. આ પ્રકારની વ્યવસ્થા એમઆઈટી, સ્ટેનફોર્ડ અને હાવર્ડ જેવી સંસ્થાઓમાં અમલી છે.બીટેક વિદ્યાર્થીઓને રાહત મળે તેવી શક્યતા છે. છેલ્લા કેટલાક સમયથી આ પાસા પર પર પણ વિચારણા કરવામાં આવી રહી છે. હવે યોગ્ય દિશામાં સંબંધિત વિભાગ વધે છે. વિદ્યાર્થીઓમાં ભારે ચર્ચા છે.

# શેરબજારમાં ભારે ઉથલપાથલ રહી શકે છે : નિષ્ણાંતોનો દાવો

## શેરબજારમાં મંગળવારે ઇદના દિવસે રજા : મોનસુનની પ્રગતિ, વિદેશી રોકાણાકારો દ્વારા રોકાણના પ્રવાહ અને તેલ કિંમતો પર તમામ રોકાણકારોની નજર

નવી દિલ્હી,તા. ૨૭

શેરબજારમાં નવા સપ્તાહ દરમિયાન ભારે ઉથલપાથલ રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. રજાને આવરી લેતા કારોબારી સપ્તાહ દરમિયાન કોર્પોરેટ કંપનીઓના કમાણીના આંકડા, પર બજાર મુખ્યરીતે આધારિત રહેશે. ગુરૂવારે ફ્યુચર એન્ડ ઓપ્સન (એફએન્ડઓ)ની પુર્ણાહુતિ થઈ રહી છે. શેરબજારમાં મંગળવારે ઈદ ઉલ ફિતરની રજા રહેશે. રોકાણાકારો વિદેશી રોકાણકારો દ્વારા રોકાણના પ્રવાહ, આંતરરાષ્ટ્રીય બજારમાં તેલની કિંમત અને ડોલરની સામે રૂપિયમાં હિલચાલ પર નજર રાખશે. આ તમામ પરિબળોની સીધી અસર બજાર પર થઈ શકે છે. ઉપરાંત ઓટો કંપનીઓના શેર પર તમામની નજર રહેશે. કારણ કે શુક્રવારથી જુલાઈના મહિના માટે વેચાણના આંકડા જારી કરવામાં આવનાર છે. બજાર સાથે જોડાયેલા નિષ્ણાંતો માની રહ્યા છે કે ટુકા સપ્તાહ દરમિયાન ઉથલપાથલ રહી શકે છે. નવા સપ્તાહ દરમિયાન અનેક આંકડા જારી કરવાામાં આવનાર છે. જેમાં

કંપનીઓના આંકડા, માસિક ઓટોના આંકડા, સિમેન્ટના વેચાણના આંકડા પણ જારી કરવામાં આવનાર છે. ઉપરાંત મેન્યુફેક્ચરિંગ પીએમઆઈના આંકડા પણ જારી કરવામાં આવનાર છે. આ આંકડા પહેલી ઓગષ્ટના દિવસે જારી કરવામાં આવનાર છે. યુક્રેન અને ઈઝરાયેલમાં ઉભી થયેલી કટોકટી પર માર્કેટની નજર છે. આરબીઆઇ પાંચમી ઓગષ્ટના દિવસે તેની નાણાંકીય નિતી સમીક્ષા જારી કરનાર છે. વૈશ્વિક મોરચે બે દિવસીય ફેડરલ ઓપન માર્કેટ કમિટી મોનેટરી પોલીસી સમિક્ષાની બેઠખ યોજાનાર છે. છેલ્લા સપ્તાહ દરમિયાન બીએસઈ બેન્ચમાર્ક સેન્સેક્સમાં ૪૮૫ પોઈન્ટનો મોટો ઉછાળો નોંધાયો હતો. જેથી તેની સપાટી ૨૬૧૨૭ પર રહી હતી. કમાણી સિઝનના આંકડા વચ્ચે ભારે ઉથલપાથલ રહી શકે છે.

# સમાચાર ઝલક

- દિલ્હી યુનિ.ની વિદ્યાર્થીની ઉપર દુષ્કર્મનો બનાવ બન્યો, દુષ્કર્મ નજીકનાં વ્યક્તિએ જ કર્યું.
- ઉત્તરાખંડમાં ભારે વરસાદની આગાહીથી તંત્ર એલર્ટ.
- મુંબઇનાં કમિશ્નરને ગાઝાનો બદલો લઇશું તેવી ધમકી ભર્યો પત્ર મળ્યો.
- યુપીનાં સહારનપુરમાં તણાવપૂર્ણ સ્થિતિ છતાં શાંતિ જળવાઇ.
- શ્રાવણ સુદ-૨ નાં રોજ સાબરમતી નદીનાં કિનારે સાંજે મહાઆરતી યોજાશે, નવી પરંપરા શરૂ થશે.
- સાપુતારામાં ભેખડ ધસી પડતાં ટ્રાફિક જામ થઇ ગયો.
- ભારતીય સરહદમાં ચીને તંબુ તાણ્યા, ભારતનો ઉગ્ર વિરોધ.
- યુપીનાં ઔરૈયા ગામે વીજળીનો જીવંત તાર બસ પર પડતાં ૪ વ્યક્તિઓનાં મોત, ૧૨ને ગંભીર ઇજાઓ.
- પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ, શિવભક્તોથી મહાદેવ મંદિરો ઉભરાયા.
- યુપીએસસી પરીક્ષા વિવાદનો ઉકેલ લાવવા રાજનાથસિંહે શરૂ કર્યો બેઠકોનો દોર.
- નદીઓને જોડવાનું અભિયાન શરૂ થશે.
- કેદારનાથની યાત્રા શરૂ, રસ્તા સંપૂર્ણપણે વ્યવસ્થિત કરાયા.
- ઇઝરાયેલના ગાઝાપટ્ટી પર હુમલા યથાવત.
- 'કીક' ફિલ્મે ત્રણ જ દિવસમાં ૬૦ કરોડની આવક કમાઇ.
- કર્ણાટકના બેલગામને મહારાષ્ટ્રમાં સમાવવા માટેનાં આંદોલનમાં મરાઠી લોકો પર પોલીસ તરફથી મારપીટ.
- રાષ્ટ્રીય લોકદળના નેતાશ્રી અમરસિંહની અમદાવાદમાં ઓચિંતી મુલાકાત.
- સુરત નજીક અંગોલી ગામમાં ૪૦ લાખની લુંટના આરોપી વિદ્યાર્થીઓ ઝડપાયા.

# દહેજ વિરોધી કાયદામાં સુધારા કરાશે

## પ્રવર્તમાન જોગવાઈઓને વધુ કઠોર બનાવાશે : દહેજની પરિભાષા વધુ વિસ્તૃત બનશે

નવી દિલ્હી, તા.૨૭

દહેજ વિરોધી કાયદાના દુરુપયોગના સંદર્ભમાં શ્રેણીબદ્ધ ફરિયાદો સપાટી ઉપર આવ્યા બાદ કેન્દ્ર સરકાર હવે આ દહેજ વિરોધી કાયદામાં વધુ સુધારો કરવા વિચારી રહી છે. દહેજ વિરોધી કાયદાઓમાં સુધારાને વધુ અસરકારકરીતે રજૂ કરવામાં આવશે. ખોટા આરોપો કરનાર લોકોને દંડ અને સજાની ખાતરી કરવા આ કાયદામાં પીનલ જોવગાઈઓ રજૂ કરવામાં આવશે. કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા દહેજ વિરોધી કાયદાને વધુ અસરકારક બનાવવા વિચારણા કરવામાં આવી રહી છે. પ્રવર્તમાન જોગવાઈઓને વધુ મજબૂત કરવામાં આવશે. સાથે સાથે દહેજની પરિભાષાને વધુ વિસ્તૃત બનાવવામાં આવશે. હાલમાં જ દહેજ વિરોધી કાયદાના દુરુપયોગના બનાવોમાં ચિંતાજનકરીતે વધારો થયો છે. કેટલાક કેસોમાં મહિલાઓ દ્વારા અન્ય કારણોસર તેના પતિ અને સાસરિયા પક્ષના લોકોને મુશ્કેલીમાં મુકી દે છે. જો આવા આક્ષેપો હવે ખોટા સાબિત થશે તો સજા કરવામાં આવશે. કેટલાક એવી જોગવાઈઓ અંગે વિચારણા ચાલી રહી છે જે આ કાયદાના દુરુપયોગને રોકી શકશે. આ મહિનાની શરૂઆતમાં જ સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારોને કેટલાક આદેશો આપીને જ્યારે આઈપીસીની કલમ ૪૯૮એ (દહેજ સતામણી) હેઠલ કેસ દાખલ કરવામાં આવે છે ત્યારે તરત જ ધરપકડ કરવામાં ન આવે. સુપ્રીમે એમ પણ કહ્યું હતું કે, ધરપકડ કરતા પહેલા તમામ પાસાઓમાં ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. આ આદેશ આપતા સુપ્રીમ કોર્ટે દહેજ વિરોધી કાયદાના દુરુપયોગને લઈને ચિંતા વ્યક્ત કરી હતી. પતિઓ સામે કેટલાક કેસમાં પત્નિઓ બિનજરૂરીરીતે આ પ્રકારના આક્ષેપો કરીને મુશ્કેલીમાં મુકે છે. નેશનલ કમિશન ફોર વુમન દ્વારા પણ દહેજ પ્રતિબંધ કાયદામાં સુધારો કરવાની માંગણી કરી છે.

# ઇઝરાયેલી હુમલા : મૃત્યુનો આંક ૧૦૪૦ સુધી પહોંચ્યો

ગાઝા, તા.૨૭

ઈઝરાયેલ દ્વારા ગાઝા અને આસપાસના વિસ્તારોમાં કરવામાં આવેલા હવાઈ હુમલામાં મોતનો આંકડો સત્તાવારરીતે વધીને ૧૦૪૦ સુધી પહોંચી ગયો છે. સૌથી ચિંતાજનક અને દુખદ બાબત એ છે કે હુમલામાં માર્યા ગયેલા લોકો પૈકી ૮૦ ટકા નાગરિકો છે અને આમાં પણ મોટા ભાગે મહિલાઓ અને માસુમ બાળકો છે. આઠમી જુલાઈના દિવસે શરૂ કરવામાં આવેલા હુમલા ૧૮ દિવસ સુધી ચાલ્યા બાદ યુદ્ધવિરામની કામચલાઉ જાહેરાત કરવામાં આવી છે. કુલ ૧૮ દિવસ સુધી ઈઝરાયેલે હુમલા કર્યા હતા. સંયુક્ત રાષ્ટ્રે કહ્યું છે કે હુમલાના દોર વચ્ચે શરણાર્થીઓની સંખ્યા વધીને હવે સવા લાખ સુધી પહોંચી ગઈ છે. જેથી તેમના માટે ભોજનની વ્યવસ્થા કરવાની બાબત હવે પડકારરૂપ બની છે. ઈઝરાયેલ અને હમાસ આખરે ગાઝામાં ૧૨ કલાકના યુદ્ધવિરામ પર ગઈકાલે સહમત થઈ ગયા હતા. જો કે હવે આ મહેતલ પૂર્ણ થઈ ગઈ છે.ઈઝરાયેલ અને હમાસના બળવાખોરો દ્વારા છેલ્લા કેટલાક દિવસથી એકબીજા પર હુમલા કરી રહ્યા હતા.